## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પેલુ નહી... જી.એસ.ટી. કાઢો... એટલે ગોદડા, શાલ અને ટોપી....

# સેકટરોમાં માર્ગોની સુધારણા સાથે યોગ્ય લેવલીંગ કરવા સ્થાનિકોની રજુઆત

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં હાલ આંતરિક માર્ગોને ચકાચક બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. નિયત સમયના અંતે લાંબા સમયના અંતે માર્ગ નવિનીકરણનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. જયારે માર્ગોના લેવલીંગના અભાવે રસ્તાઓને નુકશાન થઈ રહયુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. દબાણ પેવર બ્લોક સહીતની કામગીરીના લીધે કેટલાક વિસ્તારોમાં માર્ગો સાવ નિચાણમાં ગરકાવ થઈ ગયા છે. આવા સંજોગોમાં સે-૨૪ આદર્શ નગર સોસાયટીમાં પણ લેવલીંગના અભાવે માર્ગોના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. ત્યારે સ્થાનિક રહીશોએ આ સ્થિતિને ધ્યાને લઈ દબાણો દુર કરવા સાથે લેવલીંગ કરીને માર્ગ નિર્માણ કરવા માંગ કરી છે.

શહેરના સેકટરોમાં આંતરિક વિસ્તારમાં મોટાભાગના માર્ગોની દશા ખરાબ છે. જયારે માર્ગોની અવદશાને સુધારવા માટે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ સેકટરોમાં માર્ગોનુ યોગ્ય લેવલીંગ કરવુ પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં દબાણ તેમજ પેવર બ્લોકના લીધે માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોનુ ધોવાણ થાય છે. સે-૨૪ આદર્શનગર વિસ્તારમાં પણ માર્ગોની દશા બેઠી છે. સેકટરમાં દબાણોનો પણ ઘેરાવો છે. જેના લીધે અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. સ્થાનિકો આ સ્થિતિને કારણે તંગ આવી ગયા છે. શહેરમાં માર્ગોના નવિનીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોના નવિનીકરણ પુર્વે યોગ્ય લેવલીંગ કરવાની પ્રબળ માંગ સેકટરના રહીશોએ ઉઠાવી છે. સે-૨૪ આદર્શનગરના રહીશોએ પણ આ મામલે પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ રજુઆત કરી પુન: માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરવા માંગ કરી છે.

# ફીરોજપુર ગામની સીમમાં જુગાર રમતા ૯ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ફિરોજપુર ગામેથી દર્શન એકેડેમી તરફ જવાના માર્ગ પર આવેલ બળીયાદેવ મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૯ જુગારીઓને ડભોડા પોલીસે ઝડપી પાડી જુગાર રમવાના સાહિત્ય તેમજ રોકડ રૂ. ૧૩૮૬૦ ના મુદામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એલ.એસ.ચૌધરી કરી રહ્યા છે.

ડભોડા પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના અ.હે.કો. વિશાલસિંહ, જગદીશસિંહ, વિપુલકુમાર, કિરણભાઈ, શૈલેષકુમાર તથા આકાશકુમાર વલાદ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતીકે ફિરોજપુર ગામથી દર્શન એકેડેમી તરફ જવાના માર્ગ પર બળીયાદેવ મંદિરની બાજુમાં ખુલ્લી જમીનમાં કેટલાક ઈસમો પાનાપત્તાનો જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ પાડી ૯ જુગારીઓને જુગાર રમવાના સાહિત્ય અને રૂ.૧૩૮૬૦ના મુદામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી ડભોડા પીએસઆઈ એલ.એસ.ચૌધરી ચલાવી રહ્યા છે.

### ડભોડા પોલીસના હાથે ઝડપાયેલા શકુનીઓ

-વિક્રમજી કાળાજી ઠાકોર ઉ.વ.૨૨, નવાપુરા
- ભુપતજી બુધાજી ઠાકોર ઉ.વ.૩૦ રહે. ફિરોજપુર
- શૈલેષકુમાર અમરસિંહ જાદવ ઉ.વ. ૩૨ રહે.ફિરોજપુર
- જીવણજી રૂમાલજી જાદવ ઉ.વ. ૨૮ રહે. ફિરોજપુર
- વિષ્ણુજી મફાજી જાદવ ઉ.વ.૨૫ રહે. ફિરોજપુર
- રાકેશજી બાબુજી ઠાકોર ઉ.વ.૨૫ રહે. ફિરોજપુર
- પ્રકાશ રાયસંગજી ઝાલા ઉ.વ.૩૨ ફિરોજપુર
- ખોડાજી મોહનજી જાદવ ઉ.વ.૪૦ રહે.ફિરોજપુર
- અરજણજી મણાજી જાદવ ઉ.વ.૪૫ રહે. ફિરોજપુર




આચારસંહિતાની અમલદારી લખાણો દૂર કરવાનું ગુજરાત વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણી જાહેર થતાં શહેર અને જિલ્લામાંથી રાજકીય પક્ષોના બેનર્સ-હોર્ડિંગ્સ તથા લખાણો દૂર કરવાની કામગીરી આરંભાઈ ચુકી છે. વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી ચૂંટણીપંચ આદેશ મુજબ આચારસંહિતાની અમલદારી રૂપે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા જાહેર માર્ગો, ભીંતો, દિવાલો પરના લખાણો દૂર કરવા સફેદ રંગનો કુચડો ફેરવવામાં આવી રહ્યો છે.

# જૌહર કી આગ હૈ, બહોત કુછ જલ જાયેગા

## સંજય ભણશાળીની ફિલ્મ 'પદમાવતી' માટે ક્ષત્રિયોનો વધતો જતો વિરોધ શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં અને રાજસ્થાનમાં રાજપૂતો દ્વારા સંજય લીલા ભણશાળીની આગામી બહુચર્ચિત અને બીગ બજેટ ફિલ્મ 'પદમાવતી'નો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડાં કરવામાં આવ્યા છે જેના કારણે હિન્દુઓ અને ખાસ કરીને ક્ષત્રિયોની લાગણી દુભાશે તેવા આક્ષેપ સાથે રાજસ્થાનની કરણી સેના સહિત બંને રાજયોના રાજપૂત સંગઠનો આ ફિલ્મ પર રોક લગાવવાની માંગ કરી રહ્યા છે જેને ભાજપ, શંકરસિંહ વાઘેલા અને શકિતસિંહ ગોહિલ સહિત રાજકીય આગેવાનો પણ ટેકો આપી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં આ ફિલ્મના વિવાદ અંગે જાણવાની દર્શકોમાં ઉત્સુકતા વ્યાપી છે.




ચિતોડના રાજા રાણા રતનસિંહજીની રાણી પદમાવતી તેમના અપ્રિતમ સૌંદર્ય માટે વિખ્યાત હતી. આ રાણીને પામવા મુઘલ આતતાયી સાશક અલાઉદ્દીન ખિલજીએ ચિતોડ પર આક્રમણ કર્યું હતું અને વિધર્મી હુમલાખોરના શરણે થવાને બદલે રાણી પદમાવતીએ રાજય અને કુળની લાજ ખાતર ૧૬ હજાર મહિલાઓ સાથે જૌહર કરી અગ્નિસ્નાન થકી સતી થવાનું પસંદ કર્યુ હતું તેવું ઈતિહાસકારો કહે છે. સંજય લીલા ભણશાલીની ફિલ્મ પદમાવતીમાં અલાઉદ્દીન ખિલજી અને રાણી પદમાવતી વચ્ચે પ્રેમ સંબંધ દર્શાવાયો છે. જેનો ઈતિહાસમાં કયાંય ઉલ્લેખ મળતો નથી તેવા આક્ષેપ સાથે રાજસ્થાનની કરણી સેના સહિત અન્ય રાજપૂત ક્ષત્રિય સંગઠનો દ્વારા ફિલ્મનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં કરણી સેના સંગઠન સંરક્ષક લોકેન્દ્રસિંહ કાલ્વીએ આ ફિલ્મમાં જો સ્વપ્નમાં પણ ખિલજી અને પદમાવતી વચ્ચે પ્રેમ સંબંધ બતાડયો હશે તો તેને રિલીઝ નહી થવા દઈએ તેવી ચિમકી સાથે 'યે જૌહર કી જવાલા હૈ, બહોત કુછ જલ જાયેગા' જેવી ગર્ભિત ધમકી પણ ઉચ્ચારી હતી.

રાજપૂતોના વિરોધના પગલે સંજય ભણશાળીએ આ બીગ બજેટ ફિલ્મનો રૂ. ૧૬૦ કરોડનો વિમો પણ ઉતરાવ્યો હોવાના અખબારી અહેવાલ પણ પ્રગટ થયા છે. આ ફિલ્મમાં લોકપ્રિય અભિનેત્રી દીપીકા પદુકોણ રાણી પદમાવતીનું પાત્ર ભજવે છે. જયારે શાહિદ કપૂરે રાજા રતનસિંહ અને રણવીરસિંહે અલાઉદ્દીન ખિલજીનું પાત્ર ભજવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંજય ભણશાળીની અગાઉની ફિલ્મ 'ગોલીઓકી રાસ લીલા-રામલીલા' પણ વિવાદિત બની હતી જેના પગલે તેમાં ફેરફાર કરવા પડયા હતા જયારે રાજપૂતો દ્વારા આશુતોષ ગોવારીકરની 'જોધા-અકબર' ફિલ્મનો પણ જોધાબાઈ નામનું કોઈ ઐતિહાસિક પાત્ર જ ના હોવાનું કહી ઉગ્ર વિરોધ કર્યો હતો. રાજસ્થાનની કરણી સેના ઉપરાંત ગાંધીનગરના રાજપૂત સમાજ તથા રાજકોટની જય ભવાની રાજપૂત સેના અને ક્ષત્રિય નેશનલ ફાઉન્ડેશન સહિત રાજયભરના ક્ષત્રિય સંગઠનોએ આ ફિલ્મ પ્રત્યે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

# અપક્ષનો ઢંઢેરો : રાઈટ ટુ રિકોલ માટે મતદાન થશે તો વિના વિલંબે ધારાસભ્ય પદનો ત્યાગ

## વિધાનસભાની ચૂંટણી લડતા અપક્ષ ઉમેદવારનો ચૂંટણી ઢંઢેરો, જે ઉમેદવાર અમલ કરશે તેનો બેડો પાર: પાંચ વર્ષ સુધી જે નેતા મતવિસ્તારને સાચવશે તે અજેય હશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારતની રાજકીય પાર્ટીઓ ચૂંટણી ઢંઢેરો તો બનાવે છે પરંતુ તેનો મલતલ સમજતી નથી પરિણામે બીજી ચૂંટણીમાં તે ધોવાઇ જાય છે. રાજ્યની જનતાને વચનો આપવામાં પાછી પાની નહીં કરતા રાજકારણીઓ જો ઢંઢેરા પ્રમાણે પાંચ વર્ષ સુધી શાસન ચલાવે તો અસલી રામરાજ્યનો અમલ થઇ શકે, પરંતુ તેમના ચાવવાના અને બતાવવાના જુદા હોય છે. આ સંજોગોમાં રાજ્યમાં અપક્ષ ઉમેદવારી કરનારા વ્યક્તિઓ જો પોતાનો સ્વતંત્ર ઢંઢેરો બનાવે તો તે વધુ અસરકારક બને છે, કેમ કે તે વ્યક્તિ લોકો સાથે સતત જોડાયેલો રહે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં હંમેશા મુખ્ય બે પાર્ટીઓની સરખામણીએ અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટે છે. ૧૯૯૫ની ચૂંટણીમાં સૌથી વધુ કુલ ૨૫૪૫ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા જેમાં સૌથી વધુ અપક્ષ હતા. અપક્ષ ધારાસભ્યોને પણ તક મળતી હોય છે. સૌરાષ્ટ્રના ખંભાળિયાની બેઠક પર હેમંત માડમ એકમાત્ર એવા નેતા હતા કે જેઓએ સતત ચાર ટર્મ સુધી એટલે કે ૨૦ વર્ષ સુધી અપક્ષ ધારાસભ્ય પદ ભોગવ્યું છે. આટલો મોટો સમયગાળો કોઇ અપક્ષને સાંપડ્યો નથી. તેમની રાજનિતી પર નજર કરીએ તો તેમનો સૌથી મોટો ગુણ મતવિસ્તારની જનતાને પડખે ઉભા રહેવાનો હતો. તેમની મતદારો સાથેની એટલી બધી આત્મિયતા હતી કે લોકો તેમને જનસેવક તરીકે પૂજતા હતા.

ચૂંટણી પ્રચાર સમય દરમ્યાન રાજકીય પાર્ટીઓ તેમનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડતી હોય છે અને જો સત્તામાં આવે તો મરજી પ્રમાણેનો અમલ કરતા હોય છે, પરંતુ જો અપક્ષ ઉમેદવાર ચૂંટણી લડે તો તેનો કોઇ ચૂંટણી ઢંઢેરો હોતો નથી. તે માત્ર તેના વિસ્તારની લોકપ્રિયતાને કારણે ચૂંટણી મેદાનમાં ઉભા રહે છે. અપક્ષો માટેનો એક ચૂંટણી ઢંઢેરો અહીં આપ્યો છે, જે અપક્ષ ઉમેદવારને આ ઢંઢેરો સ્વિકારવો હોય તો છૂટ છે. તેઓ આ મુદ્દાઓનો ઉપયોગ કરી શકે છે.

આ ઢંઢેરાની પહેલી પ્રતિજ્ઞા એવી છે કે- વિધાનસભામાં ચૂટાઇને ધારાસભ્ય બને અને લોકોને તેનું કામ પસંદ ન આવે તો ફરીથી તેના મતવિસ્તારમાં બેલેટ મતદાન કરે અને જો તેમાં બહુમત હોય તો તે પળભરનો ય વિલંબ કર્યા વિના ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દે...

### અપક્ષનો ચૂંટણી ઢંઢેરો..

- હું પ્રજાનો સેવક છું. મારા વિસ્તારની જનતા કહેશે તે કરવા બંધાયેલો છું.
- લાંચ-રૂશ્વત કે ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લાવવા સતત પ્રયત્નશીલ રહીશ.
- સરકારના વહીવટમાંથી ભ્રષ્ટ ઓફિસરોને દૂર કરવાનું અભિયાન ચલાવીશ.
- મારા વિસ્તારના નાગરિકોના તમામ દુખ અને સુખના પ્રસંગોમાં હાજરી આપીશ.
- પ્રાઇવેટ વાહન પર ક્યારેય ધારાસભ્યની તકતી ચોંટાડીશ નહીં.
- રાઇટ ટુ રિકોલનું હું પાલન કરીશ અને બીજીવાર ક્યારેય ચૂંટણી લડીશ નહીં.
- મારી ઓફિસ સવારે ૭ થી સાંજના ૭ સુધી ચાલુ રાખી ફરિયાદો સ્વિકારીશ.

### મારા વિસ્તારના યુવાનો માટે...

- મારા વિસ્તારના યુવાનો માટે હું નોકરીની તલાશ કરીશ.
- સ્કિલ પ્રમાણે શિક્ષિત ઉમેદવારને કામ મળે તે મારો પ્રયાસ રહેશે.
- શિક્ષણમાંથી કોઈપણ બાળક વંચિત રહે નહીં તેનું ધ્યાન રાખીશ.
- ટ્યુશનપ્રથાની જગ્યાએ વિનામૂલ્યે શિક્ષણ આપતા શિક્ષકોને પ્રોત્સાહિત કરીશ.
- અભ્યાસ પ્રમાણે વિદ્યાર્થીને જોબ મળે તેવો મારો પ્રયાસ રહેશે.
- બેરોજગાર યુવાનોને જોબ મળે તે માટે હું તેની સાથે કંપનીઓમાં જઇશ.
- બાળકોને સ્કૂલ કે કોલેજ જવામાં અગવડતા પડે તે મુસિબતો સામે લડીશ.

### વિસ્તારના ખેડૂત ભાઇઓ માટે...

- મારા ખેડૂત ભાઈઓને ખાતર, બિયારણ અને પાણી માટે તે માટે ઝઝૂમીશ.
- ખેતીના ભોગે ઉદ્યોગોને વીજળી આપવા દઇશ નહીં, જરૂર પડ્યે આંદોલન કરીશ.
- ખેડૂતોને પોષણક્ષણ ભાવ મળે તે માટે જાહેર મંડી ઉભી કરાવીશ.
- મારા વિસ્તારનો કોઈપણ ખેડૂત આત્મહત્યા ન કરે તેનું માર્ગદર્શન અપાવીશ.
- ખેડૂતોને સસ્તી લોન અપાવીશ. જમીનનો એક ટુકડો પણ વેચાવા નહીં દઉં.
- ખેડૂત પરિવારમાંથી એક વ્યક્તિને સ્વરોજગાર મળે તેવો પ્રયાસ કરીશ.
- ખેડૂતોને છેતરતા વેપારીઓ સામે સતત ઝૂંબેશ ચલાવીશ.

### મારા વિસ્તારની મહિલાઓ માટે...

- મહિલાઓને સ્થાનિક ચૂંટણીમાં ૫૦ ટકા બેઠકો મળે તેવો આગ્રહ રાખીશ.
- મહિલાઓના શોષણ અને અત્યાચાર સામે અવાજ ઉઠાવીશ.
- દિકરી કે બહેનની છેડતી થતી અટકાવવા તેમને મજબૂત બનાવીશ.
- મહિલાઓને સ્વરોજગાર મળે તે માટે સરકારી સહાયનો મહત્તમ લાભ અપાવીશ.
- સરકારમાં કે પ્રાઈવેટ જોબમાં મહિલાને પ્રાધાન્ય મળે તે માટે લડત ચલાવીશ.
- પ્રત્યેક દિકરીને ભણવાનો અધિકાર છે અને તેમને ભણાવવા માટે પ્રોત્સાહન આપીશ.
- મહિલાઓ સામેના ગુના અટકાવી તેમના કેસોનો ઝડપી નિકાલ થાય તે પ્રયાસ કરીશ.

### તમામને આરોગ્ય સુવિધા માટે....

- પ્રત્યેક નાગરિકને સસ્તાદરે આરોગ્યની સુવિધા આપવા પ્રયત્નશીલ રહીશ.
- આરોગ્ય સુવિધાના અભાવે કોઈને તકલીફ ન પડે તે માટે ૧૮ કલાક કામ કરીશ.
- સરકારી આરોગ્ય સુવિધાઓ અંગે લોકોને જાગૃત બનાવી હક્ક માટે લડીશ.
- આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફની અછત સર્જાશે તો સચિવાલય પટાંગણમાં ધરણાં કરીશ.
- ખોરાકમાં ભેળસેળ હશે તો તે વેપારી સામે કેસ ચાલે તેવો મારો પહેલો આગ્રહ હશે.
- લોકોને શુદ્ધ પાણી અને હવા મળે તે માટે સતત અભિયાન ચલાવતો રહીશ.
- પર્યાવરણના ભોગે મારા વિસ્તારમાં પ્રદૂષિત ઉદ્યોગોને પ્રવેશવા નહીં દઉં.

### ગરીબો અને વંચિતોના વિકાસ માટે....

- ગરીબ પરિવારને ઘરનું ઘર મળે તે માટે સરકાર સામે લડત ચલાવીશ.
- સસ્તા અનાજની દુકાનોએથી નિયમિત અનાજ અને ચીજવસ્તુ મળવી જોઈએ.
- ગરીબ અને વંચિતો માટે સરકારની તમામ યોજનાના લાભોનું વિતરણ કરાવીશ.
- મારા વિસ્તારમાં એકપણ ઝૂંપડું હોવું ન જોઈએ. બધાંને પાણી અને વીજળી મળવી જોઈએ.
- ગરીબ પરિવાર પૈકી એકને નોકરી અને એકને સ્વરોજગાર અપાવવા પ્રયાસ કરીશ.
- રોટી, કપડાં અને મકાન માટે પ્રજાના પ્રતિનિધિ તરીકેની ફરજો અદા કરીશ.
- ગરીબો અને વંચિતો માટેના પાકા આવાસો એ મારૂં પ્રથમ મિશન હશે.

### મારા વેપારી બંધુઓ માટે...

- વિસ્તારના તમામ વેપારીઓ માટે મારા ઘર અને ઓફિસના દરવાજા ખુલ્લા છે.
- વેપારીઓ પાસેથી હપ્તા ઉઘરાવતા ઓફિસરોને ખુલ્લા પાડીશ.
- વેપાર કરવામાં સરકારી અડચણ આવશે તો તેનો ખુલ્લો મૂકાબલો કરીશ.
- વેપારીઓને પોલીસની કનડગત ન થાય તેનું ૨૪ કલાક ધ્યાન રાખીશ.
- ઉઘાડી લૂંટ ચલાવતા કે ભેળસેળ કરતા વેપારીને બજારમાં ખુલ્લા શરીરે ફેરવીશ.
- અન્યાય સામે મારી લડત ન્યાય અપાવવાની હશે, સંગઠનોને સાથે રાખીશ.
- વેપારી મંડળોની વખતોવખતની માગણીઓને સરકારમાં વાચા આપીશ.

### જાહેર સુખાકારી માટેના પ્રયાસો...

- બાલોદ્યાન અને સાયકલ ટ્રેક, મનોરંજનના સાધનો મૂકાશે.
- પરિવારના વડીલો માટે વિસ્તારમાં વોક-વે અને બેઠકની વ્યવસ્થા
- ગ્રામ્ય વિસ્તારમાં નાનકડું શોપિંગ સેન્ટર અને શાક માર્કેટ
- વાઇફાઇ ગામ સાથે બીલો ભરવા જાહેરમાં ઈન્ટરનેટ કિયોસ્ક મૂકાશે.
- પ્રત્યેક ગામમાં તળાવ અને તેની ફરતે શુશોભિત ફુલપ્લાન્ટની રોપણી.
- ગામમાં મજબૂત રસ્તા, મફત પાણીની પરબ અને સૌચાલયની સુવિધા.
- સ્કૂલ, આરોગ્ય સંસ્થા, હેલ્પસેન્ટર, જીમ અને ક્લબહાઉસ.

### શહેરના પ્રશ્નોના નિકાલ માટેની વ્યવસ્થા...

- શહેરોમાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે પાર્કિંગ પ્લોટનો અમલ કરાવીશ.
- એફોર્ડેબલ હાઉસિંગ માટે બિલ્ડરોને ફરજ પાડી તેમની સામે લડત ચલાવીશ.
- કાયદો અને વ્યવસ્થાનું પાલન થાય તેવા પ્રામાણિક ઓફિસરો માટે ભલામણ કરીશ.
- શહેરી વિસ્તારમાં કોઇ પરિવાર ભૂખ્યું ન સૂવે તે માટે અભિયાન ચાલશે.
- રોડ, પાણી, રેલ્વે, ગટરલાઈન સહિતના પ્રશ્નોની યાદી બનાવી રજૂઆત કરીશ.
- મારો આદર્શ મતવિસ્તાર—નામની તકતી વિના વિસ્તારને આદર્શ બનાવીશ.
- સ્થાનિક સંસ્થાઓમાં જે લોકો ભ્રષ્ટાચારી હશે તેમના નામ પબ્લિકમાં જાહેર કરીશ.

### સરકાર વિરૂદ્ધની લડતમાં હું પહેલો...

- સરકાર સામે લડત ચલાવતી વખતે હું સૌથી પહેલો હોઇશ. મારી આગેવાની હશે.
- વિધાનસભામાં મતવિસ્તારના પ્રશ્નો સિવાય કોઇ અંગત પ્રશ્ન કદાપી પૂછીશ નહીં.
- જે કોઇ ધારાસભ્ય ઉદ્યોગોને ફાયદારૂપ પ્રશ્ન પૂછશે તો તેની પોલ ઉઘાડી પાડીશ.
- સ્વચ્છ રાજનિતી માટે આદર્શ ધારાસભ્ય તરીકે વિધાનસભામાં પ્રજાની પડખે હોઇશ.
- સરકારી વિભાગોમાં જ્યાં પણ કરપ્શન હશે ત્યાં કર્મચારીને જાહેરમાં ખુલ્લો પાડીશ.
- મોંઘવારી અને બેકારી સામે મારૂં આંદોલન ૩૬૫ દિવસનું હશે.
- ૮૫ ટકા સ્થાનિક નોકરીને પ્રાધાન્ય નહીં આપતી કંપનીઓ બંધ કરાવીશ.

### ધારાસભ્ય તરીકેની મારી પ્રતિજ્ઞા...

- ધારાસભ્ય તરીકેનો પગાર અને ભથ્થાં હું કદી લેવાનો નથી. પેન્શન તો હરગીજ નહીં.
- હું સરકીટ હાઉસમાં રોકાણ કરીશ તો તેનું કોમર્શિયલ ભાડું જે થતું હોય તે ચૂકવીશ.
- વિધાનસભા જેટલા દિવસ ચાલે તેટલા દિવસ નિયમિત હાજરી આપીશ.
- મને મળતા સરકારી મકાન અને આરોગ્ય સુવિધાને કાયમી તિલાંજલી આપીશ.
- સરકારી મિટીંગમાં કોઇ ભથ્થાં લઇશ નહી, પ્રવાસ ખર્ચ પણ લેવાનો નથી.
- સામાન્ય નાગરિકોની જેમ હું બસ અને ટ્રેનમાં મુસાફરી કરવાનો પ્રયાસ કરીશ.
- મારા મતવિસ્તારની ઓફિસમાં નોટીસ બોર્ડ પર મારો કાર્યક્રમ જાહેર કરીશ.